# નારાયણ સાંઈને બચાવવા ૧૩ કરોડ લાંચ આપવાના ષડયંત્રનો પર્દાફાશ

## પોલીસ અધિકારી સહિત અડધા ડઝન લોકોની ધરપકડ : પોલીસે ગુપ્ત ઓપરેશન હાથ ધરીને પાંચ કરોડ રૂપિયાની રોકડ રકમ કબજે કરી : ૧૩ કરોડમાં પોલીસ, તબીબ, ન્યાયધીશને ખરીદવાનું કાવતરુ હતુ



સૂરત,તા. ૧૩

બળાત્કારના આક્ષેપોનો સામનો કરી રહેલા નારાયણ સાંઈના નાપાક ષડયંત્રનો પર્દાફાશ કરીને પોલીસે ગુરુવારે મોડી રાત્રે એક ગુપ્ત ઓપરેશન હેઠળ પાંચ કરોડ રૂપિયાની રોકડ રકમ કબજે કરી પોતાના જ વિભાગના એક પોલીસ અધિકારી સહિત અડધા ડઝનથી વધુ લોકોની ધરપકડ કરી હતી. શહેરના પોલીસ વડા રાકેશ અસ્થાનાએ આજે પત્રકાર પરિષદના આ સાંઠગાંઠ અંગે માહિતી આપતા કહ્યુ હતુ કે નારાયણ સાંઈએ પોતાના સાથીઓની સાથે મળીને પોલીસ, તબીબો, ન્યાયાધીશ, જેલ અધિકારી સહિત સમગ્ર ન્યાયતંત્રને ૧૩ કરોડ રૂપિયામાં ખરીદીને તેની સામે દાખલ કરાયેલા મામલાને નબળો કરી પોતાના પક્ષમાં કરવા કાવતરુ રચ્યુ હતુ જેમાં નારાયણ સાંઈએ અમદાવાદ આશ્રમના સાધક ઉદય સંઘાણી અને જાંહગીરપુરા આશ્રમના સંચાલક નરેશ નાનકાને ઉર્ફે રૂપાભાઈ મારફતે સૂરત ક્રાઈમ બ્રાંચના એક પોલીસ અધિકારી સહિત અનેકલોકોને પોતાનીસાથે ભેળવી લીધા હતા. પોલીસ અધિકારી

કુંભાણી આ મામલામાં ફસાઈ ગયા છે. સૂરતના પોલીસ વડાએ કહ્યુ હતુ કે તેમને પહેલાથી જ આ બાબતની શંકા હતી જેથી નારાયણસાંઈની ધરપકડ બાદથી એટલે કે આશરે ૧૦ દિવસથી જ તેમના મિત્રો ઉદય સંઘાણી અને રૂપાભાઈ પર નજર રાખવામાં આવી રહી હતી. તેમને રંગેહાથ પકડી પાડવા મંગળવાર અને બુધવારના દિવસે પ્રયાસ કરાયા હતા પરંતુ તેઓ સાવધાન થઈ ગયા છે અને જાળમાં ફસાયા ન હતા. ત્યારબાદ ગુરુવારે મોડી રાત્રે પાકી માહિતી મળી હતી કે નારાયણ સાંઈના મિત્ર એક કારમાં ક્રાઈમ બ્રાંચના અધિકારી કુંભાણીને એક કરોડની લાંચ આપવા આવનાર છે. માહિતી મળ્યા બાદ મોડી રાત્રે ચોકબજાર, ગાંધી બાગ નજીક કુંભાણી તથા તેમને લાંચ આપવા આવેલા ઉદય સંઘાણી, કેતનપટેલ, ભાવેશ પટેલ, હસમુખ પટેલ ઉર્ફે હસુદાદા તથા કાર ચાલક ધીરજ પટેલને પકડી પાડ્યા હતા. તેમની પાસેથી એક કરોડ રૂપિયાની રકમ કબજે કરવામાં આવી હતી. આઠ મોબાઈલ પણ કબજે કરવામાં આવ્યા હતા. પ્રાથમિક પુછપરછ બાદ કેતન પટેલના આવાસથી ચાર કરોડ રૂપિયા મળી આવ્યા હતા. તમામને કસ્ટડીમાં લઈને જુદા જુદા મામલામાંઓમાં તપાસ હાથ ધરી છે. પોલીસ અધિકારી અસ્થાનાએ માહિતી આપતા કહ્યુ છેકે નારાયણ સાંઈના આ ષડયંત્રમાં ફસાયેલા લોકો ઉપરાંત અન્યલોકો પણ સામેલ છે. ટૂંકમાં તેમને પણ પકડી પાડવામાં આવશે. નવી માહિતી મુજબ નારાયણ સાંઈને કોર્ટે ૧૮મી ડિસેમ્બર સુધી કસ્ટડીમાં મોકલી દીધો છે.

# સાંસદ વિક્રમ માડમની સોદાબાજીથી કોંગ્રેસમાં ખળભળાટ

## લોકસભાની ચૂંટણી ટાણે વિદેશની બોગસ કંપની ઉપરાંત કેઈર્ન કંપની સામેના વિરોધમાં પણ સામેલ હોવાની શક્યતા



ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત કોંગ્રેસના જામનગરના ધારાસભ્ય વિક્રમ માડમ ભ્રષ્ટાચારમાં ડૂબ્યા હોવાના કથિત આક્ષેપો પછી હાઈકમાન્ડના રડારમાં આવી ચૂક્યા છે. વિદેશની એક કંપનીના બોગસ કોન્ટ્રાક્ટમાં ફસાયેલા ૧૧ સંસદસભ્યો સામે પાર્ટી કાર્યવાહી ચાલશે ત્યારે તેમાં વિક્રમ માડમ બાકાત નહીં હોઈ શકે, કારણ કે તેમણે અન્ય એક કંપની કેઈર્ન કંપની સાથે પણ સોદાબાદી કરી હોવાનું બહાર આવ્યું છે. વિક્રમ માંડમના આ કરતૂતથી પ્રદેશ કોંગ્રેસમાં ખળભળાટ મચી ગયો છે.

ઓસ્ટ્રેલિયાની એક નકલી ઓઈલ કંપનીને કોન્ટ્રાક્ટ અપાવવામાં રસ ધરાવતા સંસદસભ્યો ઘણી બધી કંપનીઓને ફાયદો કરાવી આપવા માટે ભલામણો કરતા હશે તેવું સાબિત થયું છે. લોકસભાના એક નહીં ૧૧ સંસદસભ્યો એક સ્ટીંગ ઓપરેશનમાં લોબિંગ કરતાં ઝડપાયા છે ત્યારે ગુજરાતના જામનગરના કોંગ્રેસના સંસદસભ્ય વિક્રમ માડમ કેઈર્ન એનર્જીના પાઈપલાઈન પ્રોજેક્ટમાં સ્થાનિક સ્થાનિક ખેડૂતોને ઉશ્કેરી રહ્યા છે. રાજસ્થાનમાં બાડમેરથી જામનગરના સલાયા સુધી આશરે ૬૦૦ કિલોમીટરની પાઈપલાઈન બિછાવવાની છે. આ પ્રોજેક્ટ પૈકી જામનગર જિલ્લામાં ૭૨ કિલોમીટર પાઈપલાઈન નાંખવાનું કામ બે વર્ષથી ખોરંભે પડ્યું છે.

કોંગ્રેસના સૂત્રોએ કહ્યું હતું કે ખાનગી કંપનીઓ પાસેથી કંઈક મેળવવાની લાલચમાં સંસદસભ્યો કેટલીક વખત પાર્ટીને નુકશાન પણ કરે છે. લોકસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે જામનગરના સાંસદ સ્ટીંગ ઓપરેશનમાં છ લાખની સોદાબાજી કરતા હોવાનું સામે આવતા તેમની રાજકીય કારકિર્દી સામે જોખમ ઉભું થઈ ગયું છે. ઓસ્ટ્રેલિયાની કંપનીનો એક હજાર કરોડનો પ્રોજેક્ટ છે તેવું જણાવીને સ્ટીંગ કરી ભલામણ પત્ર માગવામાં આવ્યો હતો.

દિલ્હી હાઈકમાન્ડની સૂચના મળતાં પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ વિક્રમ માડમ તેમજ તેમના પર્સનલ આસિસ્ટન્ટ રામસી મારૂની ખાનગી રાહે તપાસ પણ શરૂ કરી દીધી છે. સૂત્રો જણાવે છે કે દિલ્હી હાઈકમાન્ડ વિક્રમ માડમનો ખુલાસો પૂછે અને તેમની સામે પગલાં લેવાય તેવી શક્યતા છે.

## ખૂણે... ...ખાંચરેથી

- રાજયના ગૃહ વિભાગે આજે આઈ.પી.એસ. અધિકારીઓને બઢતી આપવા હુકમો જારી કર્યા છે. જેમાં ગાંધીનગરના પૂર્વ ડીવાયએસપી સુશ્રી ઉષા રાડાને પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપી મહિસાગર જિલ્લામાં મુકવામાં આવ્યા છે.
- ગાંધીગરના મેયર શ્રી રાણા અને તેમના બે સાથીઓ સામે પક્ષાંતર ધારાના ભંગને લઈ કોંગ્રેસ પક્ષે કરેલી કેસની મુદત ૨૬ ડિસેમ્બરની પડી છે.
- ગાંધીનગર જિલ્લા કલેકટર કચેરીના નવાનિયુકત ૧૪ કારકુનો પ્રિ-સેવા તાલિમ માટે આજે ગયા છે.
- ગાંધીનગરમાં નાયબ ચીટનીસ સંવર્ગની પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.
- ગાંધીનગર મહાનગરપાલિકાના કાઉન્સીલર શ્રી સુરેશ મહેતાના દીકરાના લગ્ન નિમિત્તે આજે કલ્ચરલ ફોરમના મેદાનમાં સત્કાર સમારોહ યોજાયો હતો.
- લગ્નસરા પૂર્ણથતાંજ ગાંધીનગરમાં ગુરૂમા સમાદાનંદજીની ભાગવત કથા સે-૧માં તો સે-૨૯માં પૂ. રમાબેન હરિયાણીની રામકથાનું સે-૨૯માં આયોજન કરાયું છે. ગાંધીનગરના બંને પ્રવેશદ્વાર જેવા સેકટરોમાં એક સાથે રામકથા અને ભાગવત કથાનું આયોજન થયું છે એ પણ સંયોગ છે.

# અમદાવાદમાં ૨૦મી ડિસેમ્બરથી ત્રણ દિવસનો ગૌકથામૃત મહોત્સવ

## અનેક મહાનુભાવો, સાધુ-સંતો અને ગૌસેવકોની હાજરીમાં ગૌચેતના જગાવવાનો પહેલો અવસર

ગાંધીનગર, તા.૧૩

ગાયોની રક્ષા અને તેનું સંવર્ધન કરવાના આશયથી લોકજાગૃતિ કેળવવા માટે ગુજરાતમાં સૌ પ્રથમ વખત ગૌ કથામૃત મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પ્રખર ભાગવત કથાકાર અને સાંદિપની આશ્રમના સ્થાપક ગૌભકત પૂ. ભાઈશ્રી રમેશભાઈ ઓઝા આ ગૌ કથાના વકતા છે જેઓ ગાયનુંસામાજીક, આધ્યાત્મિક અને આરોગ્યલક્ષી મહત્વ સમજાવશે.

અમદાવાદના નિકોલ સ્થિત બેટી બચાવો મેદાનમાં ૨૦થી ૨૨ ડિસેમ્બર સુધી બપોરના ત્રણ થી સાંજના સાત કલાક સુધી આ મહોત્સવની ઉજવણી કરવામાં આવશે. કથામૃતની સાથે સાથે ગાય સાથે સંકળાયેલા વિવિધ કાર્યક્રમો પણ મહોત્સવના સ્થળે યોજાશે. ગૌ સેવા અને ગૌચર વિકાસ બોર્ડના ઉપક્રમે આ કથાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં ગૌ સંસ્કૃતિની પુનઃસ્થાપના માટે સમગ્ર રાષ્ટ્રમાં ગૌ ચેતના જગાવવાનો મુખ્ય ઉદ્દેશ છે.

ગૌસેવા અને ગૌચર વિકાસ બોર્ડના ચેરમેન અને મહોત્સવ સમિતિના અધ્યક્ષ ડૉ. વલ્લભ કથીરિયાએ પત્રકારોને જણાવ્યું હતું કે રાજય સરકાર ગૌરક્ષા, ગોપાલન, ગૌસંવર્ધન અને ગાય આધારિત કૃષિના ક્ષેત્રે આર્થિક, સામાજીક અને આધ્યાત્મિક કાર્યમાં સહયોગ આપી રહી છે ત્યારે આ નવતર પ્રયોગથી સમાજમાં ગૌ સેવાનું એક અભિયાન શરૂ થશે. આ પ્રસંગે રાજય સરકારના મંત્રીઓ, રાજયભરના ગૌસેવકો અને અનેક સાધુ સંતો તેમજ શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહેશે.

ત્રણ દિવસ ગૌવિજ્ઞાનને લગતું પ્રદર્શન, પંચગવ્ય ચિકિત્સા સારવાર કેમ્પ, ગૌ સાહિત્યનું વિતરણ, ભકિતસંગીત, નૃત્યનાટિકા, એકાંકી, વિવિધ તજજ્ઞોના પ્રવચનો જેવા કાર્યક્રમો પણ યોજવામાં આવનાર છે જેના થકી નવી પેઢીને ગૌ સેવાનું માર્ગદર્શન મળશે.

ડૉ. કથીરિયાએ કહ્યું હતું કે સમગ્ર દેશમાં ગુજરાત એક એવું રાજય છે કે જેણે ગૌ સુરક્ષા માટેના કડક કાયદાનું નિર્માણ કર્યુંછે. હાલ રાજયમાં ગૌવંશની એક કરોડ કરતાં વધુની સંખ્યા છે, જે પાછલા દસ વર્ષ પહેલાં ૭૦ લાખ હતી. પશુપાલન સમાજમાં લોક જાગૃતિના કારણે આપણે ગૌવંશનું ઉત્તમ સંવર્ધન કરી શકયા છીએ. આપણે ગાય, ગામ અને પ્રકૃતિને વરેલા નાગરિકો છીએ તેથી ગાયનું મહત્વ સમજી શકીએ છીએ.

ગુજરાતમાં ગાયોની રક્ષા કરનારા તેમજ સંવર્ધનના કાર્યને આગળ ધપાવનારા ગૌ સંવર્ધકો, ગૌ કૃષિકારો, પંચગવ્ય વૈદ્યનું આપણે આ શુભ પ્રસંગે સન્માન કરવાના છીએ. કથીરિયા કહે છે કે ઘેર ઘેર ગાય, ગામે ગામ ગૌચર..એ ગુજરાત સરકારનું સ્વપ્ન છે અને તેને સાકાર કરવા ગૌ સંસ્કૃતિનું પુનસ્થાપન થાય તે માટે આ વિશિષ્ટ કાર્યક્રમ યોજવામાં આવ્યો છે. આપણું ગૌ સેવા વિકાસ બોર્ડ તરફથી ગૌચર વિકાસ યોજના બનાવવામાં આવી છે.

# દસ નાયબ પોલીસ અધિક્ષકને બઢતી

અમદાવાદ, તા.૧૩


છેલ્લા ઘણા સમયથી જેની કાગડોળે રાહ જોવાઈ રહી હતી તે પોલીસ નાયબ અધિક્ષકને પ્રમોશન અને પોલીસ અધિક્ષકોની બદલી કરી દેવામાં આવી છે. ગુજરાત સરકારને ગૃહ વિભાગે બે પોલીસ અધિક્ષકોની બદલી કરી છે જ્યારે રાજ્યના દસ નાયબ પોલીસ અધિક્ષકોને પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપવામાં આવી છે.

પ્રાપ્ત થતી માહિતી અનુસાર, છેલ્લા બે વર્ષથી બઢતીથી વંચિત રાજ્યના આઈપીએસ અધિકારીઓને બઢતીના ઓર્ડર રાજ્ય સરકારના ગૃહવિભાગે કર્યા છે. જ્યારે બે પોલીસ અધિક્ષકોની બદલી કરાઈ છે. જેમાં વડોદરાના ડીએસપી તરીકે ફરજ બજાવતા એન.ડી. સોલંકીની બદલી સુરત ઝોન-૨ના નાયબ પોલીસ કમિશ્નર તરીકે કરાય છે જ્યારે સુરત ઝોન-૨માં પોલીસ કમિશ્નર તરીકે ફરજ બજાવતા એસ.કે. દવેને વડોદરાના પોલીસ અધિક્ષક તરીકે નિયુક્ત કરાયા છે. આ ઉપરાંત ૧૦ નાયબ પોલીસ અધિક્ષકોને પોલીસ અધિક્ષક તરીકે બઢતી આપવામાં આવી છે. જેમાં રાજકોટ ગ્રામ્યના નાયબ પોલીસ અધિક્ષક બી.એમ. ચૌહાણને રાજ્ય અનામત પોલીસ દળ જૂથ ૧૨ના કમાન્ડન્ટ અધિકારી તરીકે બઢતી અપાય છે. જ્યારે અમદાવાદ એટીએસના નાયબ પોલીસ અધિક્ષક આર.વી. ચુડાસમાને નસોમનાથના પોલીસ અધિક્ષક તરીકે બઢતી અપાય છે. આ ઉપરાંત સુરત ગ્રામ્યના વિભાગીય પોલીસ અધિકારી તરીકે ફરજ બજાવતા જગદીશ પટેલને દ્વારકા પોલીસ અધિક્ષક તરીકે, વિરમગામના પોલીસ અધિકારી જી.એ. પંડ્યાને મુડેટી એસઆરપી કેમ્પના કમાન્ડન્ટ અધિકારી, અમદાવાદ એટીએસના નાયબ પોલીસ અધિક્ષક આર.ટી. સુસરીને છોટા ઉદેપુરના પોલીસ અધિક્ષક તરીકે બઢતી અપાય છે. આ ઉપરાંત સુધા પંડ્યાને રાજ્ય અનામતદળ મંડળના કમાન્ડન્ટ અધિકારી અને સુજાતા મજમુદારને સીઆઈડી ગાંધીનગરમાં પ્રમોશન અપાયું છે. એમ.જે. ચાવડાને અરવલ્લીના પોલીસ અધિક્ષક તરીકે અને ઉષા રાડાને મહિસાગરના પોલીસ અધિક્ષક તરીકે અને આર.પી. બારોટને મોરબી પોલીસ અધિક્ષક તરીકે અપાઈ છે જ્યારે અન્ય ચાર આઈપીએસ અધિકારીઓને તેમનો પ્રોબેશન પિરિયડ પુરો થતાં ખાલી જગ્યાઓ પર નિમણુંક અપાય છે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧


R WORLD BIG Cinemas
NOW SHOWING
R World BIG Cinemas, Ahmedabad-Mehsana Highway, Adalaj
Jackpot (A) - 10.45 am, 12.45, 3.45, 7.00 & 10.15 pm
R...Rajkumar (U/A) - 10.00 am, 12.45, 3.45, 6.45 & 10.00 pm
Lucky Kabootar (U/A) - 1.15 & 10.30 pm | Ram Leela (U/A) - 4.15 pm
Happy Familyy Pvt. Ltd. (Guj.) (U) - 7.15 pm *schedule subject to change
ADVANCE BOOKINGS OPEN ON SUNDAY
telebooking 09377458281/09377458431
www.bigcinemas.com
facebook.com/BigCinemasIndia

## વડીલોને વંદન અભિનંદન



મહેન્દ્રભાઈ કે. ચૌહાણ
(૧૯૫૪) મો. ૯૪૨૭૦૫૬૮૪૫

## શબ્દાવલી - ૫૨૫૬



### આડી ચાવી

૧. નિકાલ, ફેંસલો (૨)
૨. પોતાના વખાણ (૪)
૪. સાર, ટૂંકું નામ (૩)
૫. વધારાનું, નકામું (૩)
૭. જવ અને તલથી કરાતો વિધિ (૪)
૯. હુકમ, આદેશ (૪)
૧૧. પતિ-પત્ની લગ્ન મંડપમાં... ફરે (૨)
૧૨. ખીજ, ગુસ્સો (૩)
૧૩. સંડાસ (૩)
૧૫. રોજનો હિસાબ સરભર કરવો (૪)
૧૭. ગાંદીજીના વિચારોને જીવનમાં અમલી કરે તેણે.... કહેવાય (૪)

### ઊભી ચાવી

૧. ક્મિંતી ભેટ (૩)
૨. પોતાનું વ્યક્તિ (૪)
૩. જખ્મી (૩)
૪. સુખડની બનાવટનો એક સાબુ (૩)
૬. લફરા કર્યા કરતો હોય તેવો (૫)
૮. સભ્યતા, વિનય (૩)
૧૦. માયાની સર્જીત આંટીઘૂંટી (૪)
૧૨. દારૂ પર પ્રતિબંધ (૪)
૧૪. હજામ (૩)
૧૫. રૂઆબ (૨)
૧૬. પોપટની માદા (૨)

### શબ્દાવલી ૫૨૫૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) કિવંદતી (૩) પનાહ (૫) વારિ (૬) મુનાસિબ (૮) ક્રમિક (૧૦) ગુમાન (૧૧) વહેણ (૧૨) નવુ (૧૩) સંપ (૧૫) કાજી (૧૬) લાગલગાટ (૧૯) કવિ (૨૦) ગડમથળ

**ઊભી ચાવી :-** (૧) વંદના (૩) પરિક્મા (૪) હલક (૬) મુત્સદી (૭) સીધાવવુ (૯) મિન (૧૦) ગુણ (૧૨) નજીવી (૧૩) સંગાથ (૧૪) પટલ (૧૫) કાક (૧૬) લાગ (૧૭) ગડ (૧૮) લમ

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500™
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સાવન વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

પરાગ પટેલ (જાંબુ) મો. ૯૫૧૧૫૮૫૨૭૯
રજનીભાઈ શાહ મો. ૮૮૬૬૧૦૮૬૬૨
નરેન્દ્ર પટેલ (શંભુ) મો. ૯૮૨૪૦૫૪૨૧૪
DT
દિવાની ટાઈલ્સ
રબ્બર અને પેવર બ્લોક મેન્યુફેક્ચરર એન્ડ સપ્લાયર્સ તેમજ ફીટીંગ કરી આપવામાં આવશે
જે.એસ. પટેલ વિદ્યામંદિર સામે, માર્કેટ યાર્ડની બાજુમાં, રાંધેજા, ગાંધીનગર

## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૧૬-૧૨-૧૩, સોમવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વીજ પુરવઠો સવારના ૧૧-૦૦ કલાકથી સાંજના ૬-૦૦ કલાક સુધી બંધ રહેશે જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી તકલીફ બદલ ક્ષમા કરશો.

૧. સેક્ટર-૨ડી સબસ્ટેશન

સહી/-
ટોરેન્ટ પાવર લિમીટેડ

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ) ● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ, ● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ ● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન